# એમ.એસસી. અભ્યાસક્રમની શરતો

**શરતો :**

૧. પ્રોફેસર કક્ષાના અધ્યાપકની પ્રિન્સીપાલ તરીકે નિમણૂંક કરવાની રહેશે.

૨. દરેક વિષયોમાં એક એસોસીએટ પ્રોફેસર અને એક આસી.પ્રોફેસરની નિમણૂંક કરવાની રહેશે.

૩. દરેક માગેલા વિષયોમાં જરૂરી ઈકવીપમેન્ટ (સાધનો), કેમીકલ્સ, ગ્લાસવેર, જરૂરી સ્લાઈડસ, ચાર્ટસ, મોડેલ્સ, મટીરીયલ્સ-કલાસવર્ષ અભ્યાસક્રમ મુજબ વસાવવાના રહેશે.

૪. સ્નાતક કક્ષાએ અને અનુસ્નાતક કક્ષાએ કોમન લાઈબ્રેરીનો ઉપયોગ કરી શકાશે પરંતુ અભ્યાસક્રમ મુજબ અનુસ્નાતક વિષયોમાં રેફરન્સ બુકસ અને ઓછામાં ઓછા બે રીસર્ચ જર્નલ્સ ખરીદ કરવાની રહેશે.

૫. પી.જી. કોલેજ તરીકેની યુનિવર્સિટી અને સરકારશ્રીની સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી લેવાની રહેશે.

૬. પ્રવેશ પ્રક્રિયા ઓનલાઈન યુનિવર્સિટી દ્વારા, વિષયદીઠ સંખ્યા અને ફી ના ધોરણો યુનિવર્સિટીના ધારાધોરણ પ્રમાણે રહેશે.

૭. દરેક વિષયમાં એક લેબ આસીસ્ટન્ટ, એક લેબ હમાલ અને ઓફિસ એડમીન સ્ટાફની નિમણૂંક કરવાની રહેશે.

૮. ઓર્ગેનિક કેમેસ્ટ્રી મુખ્યવિષય તરીકે માગણી કરેલ હોઈ, ઓર્ગેનિક કેમેસ્ટ્રી ઉપરાંત ઈનઓર્ગેનિક અને ફીઝીકલ કેમેસ્ટ્રીના અધ્યાપકની નિમણૂંક કરવાની રહેશે.

૯. યુનિવર્સિટી / યુ.જી.સી. એ નિયત કરેલ લાયકાત ધરાવતા પ્રોફેસર કક્ષાના આચાર્યની નિમણૂક કરવામાં આવે.

૧૦. કોલેજમાં વિષય દીઠ એસોસિએટ પ્રોફેસર અને આસી. પ્રોફેસરની ની નિમણૂક કરવામાં આવે.

૧૧. કોલેજમાં વિષય દીઠ લેબ આસીસન્ટટ, લેબ હમાલ અને ઓફિસ એડમીનની નિમણૂક કરવામાં આવે.

૧૨. કોલેજમાં અભ્યાસક્રમ મુજબના સાધનો કેમીકલ ગ્લાસવેર અને અન્ય જરૂરી સાધનો વસાવવાના રહેશે.

૧૩. કોલેજમાં વર્ગદીઠ કોમ્પ્યુટર, પ્રિન્ટર, ઈન્ટરનેટ કનેકશન (લેન સાથે) સુવિધા કરવામાં આવે.

૧૪. કોલેજમાં વર્ગદીઠ અને વિધાર્થી / સ્ટાફ માટે જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરવાની રહેશે.

૧૫. કોલેજમાં દરેક વિષયમાં (લાગુ પડતાં હોય ત્યાં) લેબોરેટરી આસીસ્ટન્ટ-૧ તથા લેબ.હમાલ અને ગેસ મિકેનિક, ઓફિસ એડમીન સ્ટાફની નિમણૂક કરવાની રહેશે.

૧૬. કોલેજમાં યુનિવર્સિટીએ નિયત કરેલ લાયકાત ધરાવતા ગ્રંથપ ાલની નિમણૂક કરવામાં આવે.

૧૭. કોલેજમાં બિનશૈ૧ ાણિક સ્ટાફમાં નીચે મુજબની નિમણૂકો કરવામાં આવે

| | |
|---|---|
| ૧. સિનિયર કલાર્ક - ૧ | ૨. જુનીયર કલાર્ક - ૧ |
| ૩. પટાવાળા - ૨ | ૪. ચોકીદાર - ૧ |
| ૫. સ્વીપર - ૧ | ૬. કોમ્પ્યુટર ઓપરેટર - ૧ |

૧૮. કોલેજના ગ્રંથાલયમાં રૂા. ૧,૦૦,૦૦૦ (એક લાખના) પુસ્તકો વસાવવામાં આવે અને વિષયદીઠ ફાળવણી કરવી.

૧૯. કોલેજનુ મકાન યુ.જી.સી. અને રાજય સરકારશ્રીના ધારાધોરણ મુજબની ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવે.

૨૦. કોલેજમાં વિધાર્થી પ્રવેશ માટે યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીની અનામત નીતીને અનુસરવાની રહેશે.

૨૧. યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીના ધારાધોરણથી વધુ ફી વિધાર્થીઓ પાસેથી ઉઘરાવી શકશે નહીં.

૨૨. યુનિવર્સિટીના વખતોવખતના નિયમો તથા સૂચનાઓનુ સંસ્થાએ / કોલેજે ચૂસ્તપણે પાલનન કરવાનું રહેશે અને યુનિવર્સિટીના આવા વખતોવખતના નિયમો સંસ્થા / કોલેજને બંધનકર્તા રહેશે.

૨૩. રાજય સરકારશ્રીની સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી મેળવ્યા બાદ જ વિદ્યાર્થી પ્રવેશ આપી શકાશે.

૨૪. રાજય સરકારશ્રીની માર્ગદર્શિકા અનુસાર રૂા.૬ લાખ અને રૂા.૨ લાખની છ વર્ષ માટેની બાંધી મુદતની થાપણો ટ્રસ્ટના પ્રમુખશ્રી અને યુનિવર્સિટીના રજીસ્ટ્રારશ્રીના સંયુકત નામે છ વર્ષ માટે મૂકવાની રહેશે જે પાકતી તારીખે વ્યાજ સહીત પુનઃ છ વર્ષ માટે બાંધી મુદતની થાપણ તરીકે મૂકવાની રહેશે.

૨૫. આ યુનિવર્સિટીના નિયમો પ્રમાણે આ યુનિવર્સિટી સંલગ્ન સૂચિત કોલેજથી ૨૫ કિ.મી. ની ત્રિજયામાં આવતી સરખો અભ્યાસક્રમ ચલાવતી પીજી કોલેજના 'ના વાંધા પ્રમાણપત્ર' રજૂ કરવાના રહેશે.

૨૬. પીજી ના કાર્યભાર પ્રમાણે પીજી માટેની સંપૂર્ણ લાયકાત ધરાવતા નવા અધ્યાપકોની નીચેની વિગતે નિમણૂંક કરવાની રહેશે.

(૧) પ્રોફેસર-૧ (૨) એસો.પ્રોફેસર-૧ (વિષયદીઠ) (૩) આસિ.પ્રોફેસર-૧ (વિષયદીઠ)

૨૭. યુ.જી.સી. પ્રમાણે અધ્યાપકોને કાર્યભાર ફાળવવાનો રહેશે અને તદનુસાર શૈક્ષણિક સ્ટાફની નિમણૂંકો કરવાની રહેશે.

૨૮. પીજી કોલેજ માટે વર્ગખંડ, ઈન્ફ્રાસ્ટ્રકચર તથા અન્ય ભૌતિક સુવિધાઓ અલગથી વિકસાવવાની રહેશે. પીજી કોલેજ માંગનાર ટ્રસ્ટ સંચાલિત સ્નાતક કક્ષાની કોલેજ ચાલુ હોય તેની લેબોરેટરી તથા લાયબ્રેરીનો ઉપયોગ કરી શકાશે.

૨૯. પીજી કોલેજ માટેની પ્રવેશ પ્રક્રિયા યુનિવર્સિટી કક્ષાએ કેન્દ્રિય ધોરણે ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે.

૩૦. પીજી કોલેજ માટે તમામ વિષયોનાવિદ્યાર્થીઓની ટયુશન ફી સેમેસ્ટરદીઠ રૂા.૨૨,૫૦૦/-રહેશે.

૩૧. પીજી કોલેજમાં પ્રવેશ ક્ષમતા વિષયદીઠ ૩૦ ની રહેશે.

૩૨. કોલેજમાં કર્મચારીઓને બેંક મારફત પગાર ચૂકવ્યાના આધાર તરીકે બેંક એડવાઈઝની નકલો મોકલી આપવાની રહેશે.

૩૩. ટ્રસ્ટ/મંડળ કે સોસાયટી સંચાલિત તમામ કોલેજોમાં મળીને કુલ ૨૦ કે તેથી વધારે કર્મચારીઓ નોકરીમાં કાર્યરત હોય તો તેઓના ઈ.પી.એફ. ના આધારો રજૂ કરવાના રહેશે.

૩૪. યુનિવર્સિટીના નિયમાનુસાર વિકાસફાળો પ્રતિ વર્ષ નિયમિતપણે યુનિવર્સિટીમાં જમા કરાવવાનો રહેશે.

૩૫. યુનિવર્સિટીના નિયમાનુસાર કાયદાકીય ફી પ્રતિ વર્ષ નિયમિતપણે યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે.

૩૬. હેમ.ઉ.ગુ. યુનિ. દ્વારા પ્રકાશિત વૃત પત્ર 'ઉદીચ્ય' નું લવાજમ રૂા.૬૦૦/- નિયમિતપણે પ્રતિ વર્ષ યુનિવર્સિટીમાં ભરવાનું રહેશે.

૩૭. સરકારશ્રીના શિક્ષણ વિભાગની તારીખ : ૧૯/૦૧/૨૦૧૮ ની સૂચનાનુસાર કોલેજમાં બાયોટોયલેટ તેમજ અન્ય સામાજીક પ્રોજેકટની સુવિધા ઉપલબ્ધ કરાવવાની રહેશે.

૩૮. ઓલ ઈન્ડીયા સર્વે ઓન હાયર એજયુકેશન (AISHE) દ્વારા દરેક શૈક્ષણિક વર્ષ માટે ડેટા અપલોડ કરી ડી.સી.એફ. ફોર્મ ભરીને તેની નકલ યુનિવર્સિટીને મોકલી આપવાની રહેશે.

૩૯. યુનિવર્સિટીના નિયમાનુસાર રમતગમત ફી પ્રતિવર્ષ નિયમિતપણે યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે.

૪૦. સરકારશ્રીનાનિયમ મુજબ ફાયર સેફટીની સુવિધા ઉપલબ્ધ કરાવી સંદર્ભનું સરકારી સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર યુનિવર્સિટીને રજૂ કરવાનું રહેશે.

૪૧. ઉપરોકત તમામ શરતોનું નિયત સમયમર્યાદામાં પરિપાલન કરી આધાર-પુરાવા સત્વરે યુનિવર્સિટીને રજૂ કર્યા બાદ કેન્દ્રિય પ્રવેશ સમિત દ્વારા સંબંધિત પીજી કોલેજને વિદ્યાર્થી સંખ્યા ફાળવી શકાશે.

૪૨. આપના મંડળ સંચાલિત પી.જી. સાયન્સ કોલેજમાં પૂરતો શૈક્ષણિક સ્ટાફ, જરૂરી સુસજજ પ્રયોગશાળા તથા અન્ય ભૌતિક સુવિધાઓ પૂરતી ઉભી કરવા તથા શૈક્ષણિક અને પ્રાયોગિક કાર્ય નિયમિતપણે કરવામાં આવશે તે મતલબની રૂા.૩૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર બાંહેધરી કોલેજના સંચાલક મંડળ દ્વારા દિન-૧૦ માં મોકલી આપવાની રાખશો.

૪૩. આપની સંસ્થાને જે તે વિષય મુજબ જરૂરી લેબોરેટરી ઈન્સ્ટ્રુમેન્ટસ / કેમિકલ્સ તથા ગ્લાસવેર યાદીઓ વિષયદીઠ આ સાથે મોકલવામાં આવે છે. જેથી તે પ્રમાણે કેમીકલ, ઈન્સ્ટ્રુમેન્ટસ અને ગ્લાસવેર વસાવી તેના બિલોની નકલ શરતોના પરિપાલનના ભાગરૂપે અત્રે મોકલી આપવાના રાખશો.

૪૪. નવી પી.જી.સાયન્સ કોલેજના સંચાલન સંદર્ભે કારોબારી સમિતિના તારીખ : ૧૧/૦૨/૨૦૨૧ ના ઠરાવ નં.- ૪૧ થી ઠરાવેલ ૧ થી ૨૨ નિયમો આ સાથે યાદીમાં સામેલ છે. જેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.